જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૮/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૬/૧૫**

**મોબાઈલ ફોનથી ફોન કરી પી.આઈ. તરીકે ઓળખ આપી રોકડ નાણા પડાવતાં આરોપીને ઝડપી પાડતી ક્રાઈમબ્રાન્ચ.**

અમદાવાદ શહેરના નાસતા ફરતાં આરોપીઓ શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને તા.૦૭/૦૮/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઇ. બી.એચ કોરોટ નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા નાસતા ફરતાં ગુનેગારો ને શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે ગોવિંદવાડી ચાર રસ્તા આવેલ કચ્છી દાબેલીની દુકાન સામે આરોપી રાજેશ નરેન્દ્રભાઈ ત્રિવેદી ઉ.વ. ૩૯ રહે. ઘર નં. ૫, જયમાલા સોસાયટી ઈસનપુર અમદાવાદ શહેર નાનો બાપુનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૩૨/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ વિગેરે છેતરપીંડીના ગુનાઓમાં વોન્ટેડ હોય પકડી લઈ સી.આર.પી.સી. ૪૧(૧)એ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે અને આરોપીને બાપુનગર પો.સ્ટે. તરફ મોકલી આપવા તજવીજ કરેલ છે.

જે આરોપીની પુછપરછ દરમ્યાન ગઈ તા.૪/૭/૨૦૧૫ ના રોજ એક જગપ્રસાદ પાંડે નામના માણસના મોબાઈલ ઉપર પોતે મુંબઈ ખાતેથી ફોન કરી “હું રખિયાલ પોલીસ સ્ટેશનનો ફર્સ્ટ પી.આઈ. ઝાલા બોલુ છું તેમ કહી જુની ઓળખાણ યાદ કરાવી મારો દિકરો દક્ષિણ ભારતમાં જઈ રહેલ હોય અને મુંબઈમાં તેને તાત્કાલીક પૈસાની જરૂર હોવાનુ જણાવી મારા દિકરાને મુંબઈ ખાતે રૂ. ૧,૮૦,૦૦૦/- ની વ્યવસ્થા કરવા જણાવેલ” જેથી આ જગપ્રસાદ પાંડેએ મદનલાલ જયસ્વાલ નામના માણસનો એક મોબાઈલ નંબર આપેલો. જેથી તે નંબર ઉપર પોતે પી.આઈ. ઝાલા તરીકે વાત કરી પોતાના દિકરાનુ નામ પ્રણવ હોવાનુ જણાવી પોતાનો બીજો એક નંબર આપેલો જેથી મદનલાલે તેમના કોઈ ઓળખીતા વૈભવભાઈ મારફત બીજા એક માણસને પોતે જણાવેલ જગ્યા ચર્મી રોડ ઓપેરા હાઉસની બાજુમાં મુંબઈ ખાતે મોકલતા જ્યાં પી.આઈ. ઝાલાના દિકરા પ્રણવ તરીકે પોતે જ હાજર રહેલો અને આ નાણા રૂ. ૧,૮૦,૦૦૦/- પોતે મેળવી લીધેલ.

<u>ગુનાહીત પુર્વ ઈતિહાસ</u>

1. અગાઉ સાબરમતી પોલીસ સ્ટેશનમાં પી.આઈ. લીલા બોલુ છુ તેમ કહી એક વ્યક્તિ પાસેથી નાણા પડાવેલ જે ગુનામાં પકડાયેલ છે.
2. ઉના ખાતે એક વ્યકિત પાસેથી પી.આઈ. ઝીંઝુવાડીયા બોલુ છું તેમ કહી નાણા પડાવેલ તે ગુનામાં પકડાયેલ છે.
3. નવસારી ખાતે એ.સી.બી.માં પી.આઈ. સોની બોલુ છું તેમ કહી નાણા પડાવેલ તે ગુનામાં પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)